નં.જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વસુલાત/૨૦૧૬/૪૮
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ
વડી કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
તા.30/0૬/૨૦૧૬

// પરિપત્ર //

વિષય: નિગમની વસુલાતની કાર્યવાહીને વેગ મળે તે હેતું થી OTS યોજના હેઠળ દંડકીય વ્યાજ તથા વિલંબીત ચુકવણા પરના વ્યાજમાં રાહત આપવા સમય મર્યાદા વધારી આપવા બાબત

સંદર્ભ: (૧) પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વસુલાત/૨૦૧૫/૧૨, તા.30/0૧/૨૦૧૬

(૨) પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વસુલાત/૨૦૧૬/૩૧, તા.૨૬/0૪/૨૦૧૬

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનાં ઉદ્યોગકારોને નિગમ દ્વારા પ્લોટ/શેડ/ક્વાર્ટર/રહેણાંક પ્લોટ તેમજ વાણીજ્ય પ્લોટ, ગોડાઉન, દુકાનો વગેરે ફાળવવામાં આવે છે. આવી ફાળવેલ મિલકતના બાકી લ્હેણા માટે નિગમની વસુલાતને વેગ મળે અને ઉદ્યોગ સાહસિકોને દંડકીય વ્યાજ અને વિલંબીત ચુકવણા ઉપરના વ્યાજમાં રાહત મળે તે હેતુ થી વસુલાતને પાત્ર થતા વ્યાજ અને દંડકીય વ્યાજ ની રકમમાં રાહત/માફી આપવા બાબતની અમલમાં મુકવામાં આવેલ યોજનાની સમય મર્યાદા સંદર્ભીત નં.-(૨) પરિપત્રથી **તા.૩૧/03/૨૦૧૬** થી વધારી તા.૩૦-0૬-૨૦૧૬ સુધી વધારી આપવા બાબતે પરિપત્ર જારી કરવામાં આવેલ.

ઉપર જણાવેલ સમય મર્યાદામાં નિગમની જુદી જુદી વસાહતોના ફાળવણીદારો પૈકી ઘણા ફાળવણીદારોએ લાભ લીધેલ છે. સદર યોજનાના લાભથી વંચીત રહેલા ફાળવણીદારો તેમજ વિવિધ એસોસીયેશન દ્વારા મૌખિક રજુઆત કરાતા સદર યોજનાની સમય મર્યાદા વધારી આપવાની જરૂરીયાત જણાતાં માન. અધિક મુખ્ય સચિવશ્રી અને ચેરમેનશ્રી, જીઆઇડીસી દ્વારા સદર યોજના તા.૩૦-0૬-૨૦૧૬ થી વધારી તા.૩૧-૧૨-૨૦૧૬ સુધી( છ માસ માટે) લંબાવવા પૂર્વ મંજુરીની અપેક્ષાએ મંજુરી આપવામાં આવેલ છે.

અન્ય શરતો તા.૩૦-0૧-૨૦૧૬ ના પરિપત્રમાં જણાવ્યા મુજબ યથાવત રહેશે.
સદરહુ પરિપત્રના અમલીકરણ અંગે કોઇ વિસંગતતા ઉદ્‌ભવે તો ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને પૃચ્છા કરી નિરાકરણ કરવાનું રહેશે.

સહી/-
(ડી થારા)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક,
જીઆઇડીસી,ગાંધીનગર.

પ્રતિ,

૧. નિગમના તમામ અધિકારીઓ તરફ જાણ સારુ.
૨. પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડ. એસો. અમદાવાદ તરફ જાણ સારું.
૩. નિગમના તમામ ઔદ્યો. વસાહતોના માન. ઔદ્યો. મંડળોના પ્રમુખશ્રીઓ તરફ જાણ સારું.
૪. મેનેજરશ્રી (એસ એન્ડ એ) જીઆઇડીસી ગાંધિનગર તરફ પરિપત્ર વેબસાઇટ ઉપર મુકવા સારું

રવાના કર્યુ
(ઉમેશ વ્યાસ)
કાર્યપાલક નિયામક (ઇ એન્ડ એ)